For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

નદીમાં છોડાતા આઉટફ્લોના પાણીના નમૂના લેબમાં મોકલાયા; જવાબદારો સામે કાર્યવાહીની શક્યતા

‘ગુજરાતમિત્ર’ ઈમ્પેક્ટ: વડોદરાના છાણી STP મામલે તંત્ર જાગ્યું, પ્રદૂષિત પાણીના રિપોર્ટથી પાલિકામાં ફફડાટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરાની જીવાદોરી સમાન વિશ્વામિત્રી નદીમાં ટ્રીટ કર્યા વિનાનું ગંદું પાણી છોડવા અંગે ‘ગુજરાતમિત્ર’ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા અહેવાલની વ્યાપક અસર જોવા મળી છે. તંત્રની ઘોર બેદરકારી ઉજાગર થયા બાદ, આજે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB) અને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમો સફાળી જાગી હતી અને સમા-છાણી વિસ્તારમાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

‘ગુજરાતમિત્ર’ એ અહેવાલમાં સચોટ રીતે દર્શાવ્યું હતું કે કેવી રીતે કરોડોના ખર્ચ પછી પણ STP પ્લાન્ટમાંથી ટ્રીટ કર્યા વિનાનું પાણી સીધું નદીમાં પધરાવવામાં આવે છે. આ અહેવાલના આધારે GPCB ના અધિકારીઓએ બુધવારે સમા નજીક જ્યાંથી ગટરનું પાણી નદીમાં છોડવામાં આવે છે, તે આઉટફ્લો પોઈન્ટ પર જઈને પાણીના નમૂના લીધા હતા. આ ઉપરાંત નદીના પ્રવાહમાંથી પણ સેમ્પલ મેળવી તેને લેબોરેટરી ટેસ્ટિંગ માટે મોકલવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, ‘ગુજરાતમિત્ર’ એ વિગતવાર અહેવાલ પ્રસિદ્ધ કરીને પાલિકાના દાવાઓની પોલ ખોલી હતી. વિશ્વામિત્રી પ્રોજેક્ટ પાછળ કરોડો રૂપિયાના ખર્ચ છતાં, છાણી અને સમા વિસ્તારના પમ્પિંગ સ્ટેશન દ્વારા ગટરના પાણી સીધેસીધા નદીમાં છોડી નદીને પ્રદૂષિત કરવામાં આવી રહી હતી. સ્થાનિક રહીશોની પીડા અને રોગચાળાના ભયને અખબારે વાચા આપતા તંત્રના ઉચ્ચ અધિકારીઓ સુધી તેની અસર પહોંચી હતી. એક તરફ જ્યારે તંત્ર નદીને શુદ્ધ કરવાના પ્રોજેક્ટ્સની વાહવાહી લૂંટી રહ્યું છે, ત્યારે ખુદ પાલિકાના જ પ્લાન્ટમાંથી પ્રદૂષણ ફેલાતું હોવાનું પુરાવા સાથે સામે આવતા અધિકારીઓ બચાવની સ્થિતિમાં આવી ગયા છે. GPCB ની તપાસમાં જો પાણીના સેમ્પલ ફેઈલ આવશે, તો આગામી દિવસોમાં પાલિકા અને જવાબદાર STP ઓપરેટરો સામે કાયદેસરની કાર્યવાહી થવાની પૂરેપૂરી શક્યતા છે. અખબારી અહેવાલ બાદ તંત્ર દોડતું થતાં સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો છે. લોકોનું કહેવું છે કે જો પત્રકાર આ રીતે પ્રશ્નો ન ઉઠાવે તો તંત્રના અધિકારીઓ ક્યારેય જાગતા નથી. હવે જોવાનું એ રહેશે કે માત્ર સેમ્પલ લઈને કામગીરી સમેટાઈ જશે કે ખરેખર નદીમાં ગંદું પાણી છોડવાનું કાયમી ધોરણે બંધ કરવામાં આવશે.

ગરીબોના કોળિયા પર તરાપ મારવાની કોશિષ અસફળ બનાવાઇ

કરજણમાંથી પાદરા સરકારી ગોડાઉનનું અનાજ બારોબાર વેચવાનું કૌભાંડ ઝડપાયું

કેનાલના કાચા રસ્તેથી 7.48 લાખના મુદ્દામાલ સાથે આઇસર ઝડપાઈ



કુલ 7.48 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

♦ **ચોખા:** 120 બોરી ♦ **ઘઉં:** 60 બોરી ♦ **ચણા:** 5 બોરી ♦ **વાહન:** આઇસર ટ્રક અને મોબાઈલ ફોન અને અનાજનો જથ્થો મળી કુલ 7,48,000/-નો સમાવેશ થાય છે.

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરા જિલ્લાના પાદરા સ્થિત સરકારી અનાજના ગોડાઉનમાંથી ગરીબો માટેનું અનાજ બારોબાર વેચી મારવાનું મસમોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. કરજણ પોલીસે નેશનલ હાઈવે પર શિવવાડી મંદિર પાછળ કેનાલના કાચા રસ્તા પરથી એક આઈસર ટ્રક ઝડપી પાડી, તેમાં ભરેલો સરકારી ઘઉં, ચોખા અને ચણાનો મોટો જથ્થો જપ્ત કર્યો છે. પોલીસે આ મામલે ડ્રાઈવરની ધરપકડ કરી કુલ 7.48 લાખનો મુદ્દામાલ કબજે લીધો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કરજણ પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે કરજણના જૂના બજાર વિસ્તારમાં નેશનલ હાઈવે નં. 48 પર આવેલ શિવવાડી મંદિરની પાછળ નર્મદા કેનાલના કાચા રસ્તા પર એક આઈસર ટ્રકમાં સરકારી અનાજનો શંકાસ્પદ જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે પેટ્રોલિંગ દરમિયાન આઈસર ગાડીને રોકી તપાસ હાથ ધરી હતી. પોલીસે આઈસર ટ્રકમાં તપાસ કરતા તેમાંથી અનાજની બોરીઓ મળી આવી હતી. ગાડીના ચાલક કાનાભાઈ કાળુભાઈ મીર (ઉં.વ. 31, રહે. જૂના બજાર, કરજણ) પાસે અનાજના જથ્થા અંગેના બીલ કે અન્ય કાયદેસરના દસ્તાવેજો માંગતા તે રજૂ કરી શક્યો ન હતો. ડ્રાઈવરની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, આ અનાજ પાદરા ખાતેના સરકારી ગોડાઉનમાંથી ભરી લાવવામાં આવ્યું હતું અને તેને કરજણના વિવિધ વેપારીઓને છૂટક રીતે વેચવાનો ઈરાદો હતો. આ કૌભાંડમાં પાદરા સરકારી ગોડાઉનમાંથી આટલો મોટો જથ્થો કોણે અને કોની મિલીભગતથી બહાર કાઢ્યો તે સૌથી મોટો પ્રશ્ન છે.

વડોદરામાં ‘વગ’ સામે કાયદો વામણો બન્યો

કોર્પોરેટરના એક ફોન પર પકડાયેલી ગાયો આઝાદ, ઢોર પાર્ટીની મહેનત પર ફેરવાયું પાણી!

કોર્પોરેટર હરીશ પટેલ અને અધિકારી વચ્ચેની સાંઠગાંઠનો ઓડિયો વાયરલ; કર્મચારીએ પુરાવા માટે વીડિયો બનાવી ભાંડો ફોડ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરા શહેરમાં રખડતા ઢોરના કારણે નિર્દોષ નાગરિકો જીવ ગુમાવી રહ્યા છે, ત્યારે બીજી તરફ તંત્રની કામગીરીમાં રાજકીય હસ્તક્ષેપના પુરાવા સામે આવ્યા છે. શહેરના વોર્ડ નંબર-1 ના છાણી વિસ્તારમાં ઢોર પાર્ટી દ્વારા પકડવામાં આવેલી બે ગાયોને સ્થાનિક કોર્પોરેટરની ટેલિફોનિક ભલામણ બાદ દંડ વસૂલ્યા વગર જ છોડી દેવામાં આવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ સમગ્ર ઘટનાના ઓડિયો અને વીડિયો પુરાવા સોશિયલ મીડિયામાં વાયરલ થતા કોર્પોરેશનની ઢોર પકડવાની ઝુંબેશની પોલ ખુલી ગઈ છે. જોકે, ગાયો પકડાતા જ રાજકીય નેતાઓ સક્રિય થયા હતા. કોંગ્રેસના કોર્પોરેટર હરીશ પટેલે ઢોર પાર્ટીના કર્મચારીને ફોન કરીને ગાયો છોડી દેવા દબાણ કર્યું હતું. આ મામલે જ્યારે કર્મચારીએ તેના ઉપરી અધિકારી સરવૈયા સાથે વાત કરી, ત્યારે અધિકારીએ પણ ‘સાહેબ કહે છે તો છોડી દો’ તેમ કહીને નિયમોનું ઉલ્લંઘન કરવાની છૂટ આપી હતી. કર્મચારીએ પુરાવા માટે વીડિયો બનાવ્યો ઢોર પાર્ટીના હંગામી કર્મચારી મનોજે પોતાની મહેનત પાણીમાં જતી જોઈને અને ભવિષ્યમાં કોઈ આક્ષેપ ન આવે તે માટે ગાયો છોડતા પહેલા એક વીડિયો બનાવ્યો હતો. વીડિયોમાં તે સ્પષ્ટપણે બોલે છે કે, “આ ગાયો ખેતરમાં ઘૂસી ગઈ હતી, પરંતુ હરીશભાઈ ભાણા (કોર્પોરેટર) અને વિક્રમ સરવૈયાના કહેવાથી બે ગાયોને છોડવામાં આવે છે.”આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ દૂર ન થવા પાછળ માત્ર ઢોર માલિકોની દાદાગીરી જ નહીં, પણ ચૂંટાયેલા પ્રતિનિધિઓની રહેમનજર અને અધિકારીઓની નબળી ઈચ્છાશક્તિ પણ જવાબદાર છે.

કોંગ્રેસના કોર્પોરેટર હરીશ પટેલ અને કર્મચારી વચ્ચેની વાતચીત

» **હરીશ પટેલ :** વિજય પંચાલ સાથે વાતચીત થઈ ગઈ છે, જવા દેજો.
» **કર્મચારી:** તમે કોણ બોલો છો સાહેબ?
» **હરીશ પટેલ:** હું હરીશભાઈ પટેલ બોલું છું, કોર્પોરેટર.
» **કર્મચારી:** હા, જવા દઉં છું સાહેબ ઢોર પાર્ટીના કર્મચારી મનોજ અને અધિકારી સરવૈયા વચ્ચેનો સંવાદ
» **સરવૈયા:** શું થયું મનોજભાઈ?
» **કર્મચારી:** કોર્પોરેટર કહે છે મનોજભાઈ છોડી દો.. સરવૈયા: કોઈએ વીડિયો બનાવ્યા છે?
» **કર્મચારી:** હા વીડિયો બનાવ્યા છે સર.
» **સરવૈયા:** ભલે કોર્પોરેટર સાહેબ કહે છે તો છોડી દો, બીજું શું હોય.
» **કર્મચારી:** પણ સાહેબ, ગાયો પકડી એ મહેનતનું શું? ટ્રેક્ટરની મહેનતનું શું?
» **સરવૈયા:** તો રહેવા દો, કોર્પોરેટર સાથે એકવાર ફરી વાતચીત કરી લો.

સુસેન-માણેજા રોડ પરના મોટા દબાણો પાલિકાને કેમ નથી દેખાતા? લારીધારકોનો અધિકારીઓને આકરો સવાલ

“મને મારી નાખો પણ લારી નહીં લઈ જવા દઉં” માણેજામાં દબાણ હટાવવા ગયેલી ટીમનો ઘેરાવો

ભાડું પણ વસૂલવાનું અને લારીઓ પણ ઉઠાવવાની? પાલિકાની બેધારી નીતિ સામે જનતામાં ભભૂકતો રોષ

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમ દ્વારા આજે શહેરના માણેજા વિસ્તારમાં દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે, આ કામગીરી દરમિયાન લારીધારકોએ એકત્ર થઈને પાલિકાના અધિકારીઓ સામે ભારે વિરોધ પ્રદર્શન કરતા દબાણ શાખાની ટીમ મુશ્કેલીમાં મુકાઈ હતી. લારીધારકોએ આક્ષેપ કર્યો હતો કે તેઓ કોઈ પણ પ્રકારનું નડતર ન હોવા છતાં ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. વિરોધ કરી રહેલા લારીધારકોનું કહેવું છે કે તેમની લારીઓ રોડ-રસ્તા પર નથી, પરંતુ એક કંપનીની ખાનગી જગ્યામાં ઉભી રાખીને તેઓ રોજગાર મેળવે છે. લારીધારકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે, “અમે દિવસના માંડ 100-200 રૂપિયા કમાઈએ છીએ. પાલિકા અમારી પાસેથી ભાડું પણ વસૂલે છે, તેમ છતાં કોઈ પણ પ્રકારની નોટિસ કે અગાઉની જાણકારી આપ્યા વગર અચાનક અમારી લારીઓ ઉઠાવી લેવામાં આવી છે.” લારીધારકોએ પાલિકા તંત્ર પર ગંભીર આક્ષેપો કરતા સવાલ કર્યો હતો કે, “સુસેનથી માણેજા સુધીના મુખ્ય માર્ગ પર અનેક હોટલો અને મોટા દબાણો છે, તે કેમ પાલિકાને દેખાતા નથી? માત્ર અમારી ચાર-પાંચ લારીઓ જ કેમ ઉઠાવવામાં આવે છે? પાલિકા કોના ઈશારા પર કે દબાણમાં આવીને કામગીરી કરી રહી છે? તેવા સવાલો ઉઠ્યા હતા.

કામગીરી અંગેનો આક્રોશ

“અમે વર્ષ 2008થી કલેક્ટર અને કમિશનર કચેરીના ધક્કા ખાઈએ છીએ કે રસ્તામાં નડતરરૂપ મોટી કંપનીઓના દબાણો દૂર કરો, પણ તંત્રને એ બધું દેખાતું નથી. શું પાલિકાવાળા મોટા લોકો પાસેથી રૂપિયા ખાઈને બેઠા છે? જો હટાવવા જ હોય તો સુસેનથી માણેજા સુધીની તમામ હોટલો અને મોટા દબાણો તોડો, પછી જ અમારી લારીને હાથ અડાડજો. ગરીબોના પેટ પર લાત મારવાનું બંધ કરો. **રમેશભાઈ (લારીધારક)**

અચાનક થયેલી કાર્યવાહી અંગેનો રોષ

કોઈ પણ પ્રકારની નોટિસ વગર અચાનક આવીને આ લોકોએ અમારી લારીઓ ઉઠાવવા માંડી. મારા ગલ્લામાં પૈસા પડ્યા હતા અને સામાન ભર્યો હતો, તે ખાલી કરવાનો પણ મોકો ન આપ્યો. અમે માંડ 100-200 રૂપિયા કમાઈને ઘર ચલાવીએ છીએ, એમાં પણ પાલિકાને પેટમાં દુખે છે. આ ગાડી અહીંથી ત્યારે જ જશે જ્યારે મારી લારી નીચે ઉતારશે.**સવિતાબેન** (મહિલા લારીધારક)

વોર્ડ નં. 8 ની કચેરીએ પ્લે-કાર્ડ સાથે વિરોધ પ્રદર્શન કર્યું

કરોડીયાની ક્ષત્રિય સોસાયટીમાં ગટરના પાણી ઉભરાતા રહીશો ત્રસ્ત

(પ્રતિનિધિ) વડોદરા, તા.25

વડોદરા મહાનગર સેવા સદનના સીમાડા વિસ્તારો ના વિકાસના દાવાઓ વચ્ચે વાસ્તવિકતા કંઈક અલગ જ જોવા મળી રહી છે. પાંચ વર્ષ અગાઉ પાલિકામાં સમાવાયેલા કરોડીયા ગામની ક્ષત્રિય સોસાયટીમાં છેલ્લા આઠ મહિનાથી ગટરના પાણી ઉભરાવાની ગંભીર સમસ્યાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. સ્થાનિક રહીશોએ આજે રોષે ભરાઈને સુભાનપુરા વોર્ડ નં. 8 ની કચેરી ખાતે પ્લે-કાર્ડ સાથે હલ્લાબોલ કરી તંત્ર સામે પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો. ક્ષત્રિય સોસાયટીના મુખ્ય માર્ગોથી લઈને ગલીઓ સુધી ગટરના કાળા અને દુર્ગંધ મારતા પાણી ફરી વળ્યા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે છેલ્લા 8 મહિનાથી આ સ્થિતિ હોવા છતાં પાલિકા દ્વારા કોઈ કાયમી નિકાલ કરવામાં આવ્યો નથી.

ગંદા પાણીના કારણે વિસ્તારમાં મચ્છરોનો ભારે ઉપદ્રવ વધ્યો છે, જેને કારણે ઘરે-ઘરે ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા રોગચાળાના ખાટલા મંડાયા છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે. સ્થાનિક રહીશોએ મીડિયા સમક્ષ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, “અમે ચૂંટાયેલા કોર્પોરેટરોને અનેકવાર રૂબરૂ મળીને રજૂઆત કરી છે, પરંતુ દર વખતે માત્ર આશ્વાસન જ મળે છે. પાલિકા તંત્ર દ્વારા કરોડોના વિકાસના કામોની જાહેરાતો થાય છે, પરંતુ અમારી પાયાની જરૂરિયાત એવી ગટર વ્યવસ્થા પણ ઠીક કરવામાં આવતી નથી.” મોટી સંખ્યામાં સોસાયટીની મહિલાઓ અને પુરુષો સુભાનપુરા સ્થિત વોર્ડ નં. 8 ની કચેરીએ પહોંચ્યા હતા. “અમને ગંદકીમાંથી મુક્તિ આપો” અને “તંત્ર જાગો” જેવા લખાણવાળા પ્લે-કાર્ડ સાથે રહીશોએ ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા.

એમજીવીસીએલના વિજિલન્સ વિભાગની મેગા ડ્રાઈવ ,વીજ ચોરોમાં ફફડાટ

માંડવી અને પાણીગેટ વિસ્તારમાંથી 32.3 લાખની વીજ ચોરી ઝડપાઈ, હજુ પણ કાર્યવાહી થશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.25

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા સમયાંતરે વીજ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવતી હોય છે. થોડા દિવસો પૂર્વે જ મધ્ય ગુજરાત વીજ કંપનીની શહેરના પાણીગેટ અને માંડવી સબ ડિવિઝનમાં આવતા વિસ્તારોમાં વિજિલન્સ દ્વારા મોટી ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં 1236 વીજ જોડાણો ચકાસવામાં આવ્યા હતા. જેમાંથી 4 મા ગેરરીતિ અને 43 વીજ જોડાણો માંથી 55 લાખ ઉપરાંતની વીજ ચોરી ઝડપાઈ હતી. ત્યારે, બુધવારે સવારે ફરી એક વખત

માંડવી પેટા વિભાગીય કચેરી તાબા હેઠળ આવતા વિસ્તાર ભાંડવાડા, ધૂળધોયા વાડ, મંગલેશ્વર સહિતના વિસ્તારમાં વીજ કંપનીની ટીમો દ્વારા વિજિલન્સ સાથે ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેના કારણે વીજ ચોરોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. બંદોબસ્ત સાથે આ કામગીરી કરવામાં આવી હતી. જેમાં પાણીગેટ પેટા વિભાગીય કચેરીને તાબા હેઠળ માં કુલ આઠ ટીમો દ્વારા વીજ ચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. જેમાંથી નવ વીજ જોડાણોમાં વીજ ચોરી અને આઠ પૈકી એક માં ગેરરીતિ એમ કુલ 11.75 લાખની વીજ ચોરી ઝડપાઈ હતી. જ્યારે માંડવી પેટા વિભાગીય કચેરીના તાબા હેઠળના વિસ્તારોમાં જુદી જુદી 11 ટીમો દ્વારા વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાંથી 14 વીજ જોડાણોમાં વીજ ચોરી જ્યારે બહાર પૈકી બે માં ગેરરીતી એમ કુલ મળી 20.55 લાખની વીજ ચોરી ઝડપાઈ હતી.

ગોરવામાં વીજ મીટર બદલવા સામે લોકોનો વિરોધ, કર્મચારીઓએ પરત ફરવું પડ્યું

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આવેલી સત્યમ એપાર્ટમેન્ટમાં આજે વીજ કંપની દ્વારા વીજ મીટર બદલવાની કાર્યવાહી શરૂ થતા જ સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. વર્ષોથી અહીં વસવાટ કરતા રહીશોના ઘરોમાં કોઈપણ પૂર્વ સૂચના કે સંમતિ વિના મીટર બદલવાની કામગીરી શરૂ કરવામાં આવતા લોકોએ તાત્કાલિક વિરોધ નોંધાવ્યો હતો. સ્થાનિક નાગરિકોએ જણાવ્યું હતું કે તેઓ વર્ષોથી નિયમિત રીતે વીજ બિલ ચૂકવી રહ્યા છે, ત્યારે અચાનક કોઈ સ્પષ્ટ કારણ વગર મીટર બદલવાની કાર્યવાહી શા માટે કરવામાં આવી રહી છે તેની કોઈ માહિતી આપવામાં આવી નથી.

રાયકા ફ્રેન્ચવેલમાં સીલ્ટીંગની સમસ્યા નિવારવા હાઈટેક ઇન્ટેકવેલનું કામ શરૂ; ટ્રાન્સમિશન લાઈન માટે ક્લાસિક નેટવર્કનું ટેન્ડર મંજૂરીની રાહમાં

પાલિકાનો પાણીદાર નિર્ણય: રાયકા-પોઈચાથી એરપોર્ટ સર્કલ સુધી નવી પાઈપલાઈન બિછાવવા 197 કરોડનો એક્શન પ્લાન

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરના નાગરિકોને ચોમાસામાં ડહોળા પાણીની સમસ્યાથી મુક્તિ અપાવવા અને ઉનાળામાં પાણીની ઘટ પૂરી કરવા માટે પાલિકાએ કમર કસી છે. મહીસાગર નદી પર આવેલા રાયકા ફ્રેન્ચવેલ પાસે 150 MLD (મિલિયન લિટર પ્રતિ દિન) ની ક્ષમતાનો નવો ઈન્ટેકવેલ અને 75 MLD નો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (WTP) નાખવાની કામગીરી પુરજોશમાં શરૂ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ પાછળ અંદાજે 258.39 કરોડનો ખર્ચ કરવામાં આવશે. વડોદરા પાલિકાના પાણી પુરવઠા વિભાગ હેઠળ મહીસાગર નદીમાં ફાજલપુર, રાયકા, દોડકા અને પોઈચા એમ ચાર ફ્રેન્ચવેલ આવેલા છે. શહેરની કુલ પાણીની જરૂરિયાતના 50 થી 55 ટકા પાણી આ સ્ત્રોતો દ્વારા પૂરું પાડવામાં આવે છે. જોકે, રાયકા ફ્રેન્ચવેલ ખાતે દર ચોમાસે રેડિયલ પાઈપો પર સીલ્ટીંગ (કાંપ જામવો) થવાને કારણે પાણીની આવક 30 થી 40 MLD જેટલી ઘટી જાય છે અને નાગરિકોને ડહોળા પાણીની ફરિયાદ રહે છે. આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે આ નવો પ્લાન્ટ સ્થાપવાનું આયોજન કરાયું છે. પ્રોજેક્ટના બીજા તબક્કામાં પોઈચા ફ્રેન્ચવેલથી એરપોર્ટ સર્કલ સુધી અને રાયકા WTP થી હયાત 1354 મી.મી. વ્યાસની લાઈન સુધી નવી MS ટ્રાન્સમિશન પાઈપલાઈન નાખવામાં આવશે. આ કામ માટે અંદાજે 196.58 કરોડનો ખર્ચ નિર્ધારિત કરાયો છે. આ કામગીરી માટે મેસર્સ ક્લાસિક નેટવર્ક પ્રા. લિ. દ્વારા 0.67% વધુ ભાવ સાથે 107.29 કરોડનું ટેન્ડર ભરવામાં આવ્યું છે. આ દરખાસ્તને મંજૂરી માટે હાલ સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

પ્રોજેક્ટની મુખ્ય વિગતો અને પ્રગતિ

કુલ ખર્ચ: 258,39,70,974 (GST સહિત)
મુખ્ય ઘટકો: 150 MLD ઇન્ટેકવેલ, 75 MLD નવો WTP અને ટ્રાન્સમિશન પાઈપલાઈન.
કન્સલ્ટન્ટ: મલ્ટીમીડિયા કન્સલ્ટન્ટ પ્રા. લિ. દ્વારા ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયાર કરવામાં આવ્યો છે.
વર્તમાન સ્થિતિ: ઇન્ટેકવેલ અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરી હાલ સ્થળ પર પ્રગતિ હેઠળ છે.

નાગરિકોને થનારા ફાયદા

શુદ્ધ પાણી: ચોમાસા દરમિયાન મળતા ડહોળા પાણીની સમસ્યાનો અંત આવશે
પૂરતો જથ્થો: ઉનાળામાં પાણીની જે 30-40 MLD ની ઘટ પડે છે તે સરભર થશે.
ભવિષ્યનું આયોજન: વધતી જતી વસ્તીને ધ્યાનમાં રાખીને આગામી વર્ષો સુધી પીવાના પાણીની સુરક્ષા સુનિશ્ચિત થશે.

તંત્રની લાપરવાહીથી તળાવનું અસ્તિત્વ જોખમમાં; ઉકેલ નહીં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે જંગ છેડાશે

પાલિકાનો ‘વિકાસ’ ગંધાયો! 5 કરોડના ગોત્રી ગાર્ડનમાં શુદ્ધ હવાને બદલે ગટરની દુર્ગંધની ભેટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરા સંસ્કારી નગરી વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ગોત્રી ગાર્ડન અને તેની આસપાસના રહીશો હાલ પાલિકાની ઘોર બેદરકારીનો ભોગ બની રહ્યા છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા આશરે 5 કરોડ રૂપિયાના માતબર ખર્ચે તૈયાર કરવામાં આવેલા ગોત્રી ગાર્ડન સંકુલમાં આવેલા તળાવમાં છેલ્લા ઘણા સમયથી ગટરનું દૂષિત પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે સમગ્ર વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ ફેલાઈ છે અને સ્થાનિકોનું આરોગ્ય જોખમમાં મુકાયું છે. વોર્ડ નંબર 10 માં આવતા આ ગાર્ડનમાં સવાર-સાંજ સેંકડો નાગરિકો વોકિંગ માટે અને બાળકો રમવા માટે આવે છે. જોકે, તળાવમાં ગટરનું પાણી મિક્સ થવાને કારણે પાણી અત્યંત પ્રદૂષિત થઈ ગયું છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે પ્રદૂષણને કારણે તળાવમાં રહેલી માછલીઓ મરી રહી છે. સ્થળ પર ફેલાયેલી અસહ્ય દુર્ગંધને કારણે અહીં આવતા લોકોના શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે અને ડેન્ગ્યુ, મેલેરિયા જેવા રોગચાળો ફેલાવાનો ફાળો રહીશોમાં વ્યાપ્યો છે. સ્થાનિક રહીશોમાં સૌથી વધુ નારાજગી એ વાતની છે કે આ વિસ્તારના સ્થાનિક કોર્પોરેટર પોતે આ ગાર્ડનની બિલકુલ સામે રહે છે.

તેમ છતાં, તેમની નજર સામે જ આટલી મોટી સમસ્યા હોવા છતાં તેનું કોઈ કાયમી નિરાકરણ લાવવામાં આવ્યું નથી. પાલિકા તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની આ ઉદાસીનતા સામે લોકોમાં ભારે ગુસ્સો જોવા મળી રહ્યો છે.